ISSN: 2319-202X

# પ્રયોગવીર અને નીડર શિક્ષણશાસ્ત્રી ડૉ. શશિકાંતભાઈ શાહસાહેબની વિદાય

**ઈન્તેખાબ અનસારી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, કોલેજ ઓફ એજયુકેશન ખરોડ, અંકલેશ્વર
Mo. 8200741637 Email:- ik_ansari73@yahoo.co.in

શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ આદરણીય ડૉ. શશિકાંતભાઈ શાહસાહેબે તારીખ ૦૪/૧૧/૨૦૧૮ ના રોજ રવિવારે સિત્તેર વર્ષની વયે આ દુનિયામાંથી એક્ઝિટ લઈ લીધી.પરંતુ આ દુનિયામાં તેઓ,તેમની ભૂમિકાઓ ખૂબ જ અસરકારક રીતે અને સફળતાપૂર્વક અદા કરી ગયા.પોતાની કારકિર્દી દરમિયાન એમણે કરેલા કાર્યો અને પ્રદાન બદલ એમના વિદ્યાર્થીઓ,મિત્રો,એમના વાચકો તથા લોકોના હ્રદયમાં તેઓ હંમેશાં જીવિત રહેશે. શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. શશિકાંતભાઈ શાહ જ્યારે વિભાગના અધ્યક્ષ બન્યા ત્યારે એમણે સૌ પ્રથમ કાર્ય એમની ઓફિસની બહાર એવું બોર્ડ લગાવવાનું કર્યું હતું કે “અંદર પ્રવેશવા માટે અનુમતિની જરૂર નથી.” આજના સમયમાં આવો પ્રયોગ કોણ કરી શકે? આવું બોર્ડ મૂકવા પાછળની એમની ભાવના શબ્દાતીત છે.પોતાના વિદ્યાર્થીઓ તથા વિભાગમાં કોઈ પણ કાર્ય માટે આવનાર લોકો માટે તેઓ હંમેશાં ઉપલબ્ધ રહેતા હતા. એમણે સ્ટાફ તથા વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મ દાખલ કરાવ્યું હતું.

યુનિવર્સિટીમાં એમણે એમ.એડ્. કક્ષાએ ઓપન બુક એક્ઝામનો અમલ કરાવ્યો હતો,અને તેઓ નિવૃત્ત થયાં ત્યાં સુધી લગભગ ચારેક વર્ષ આ પ્રયોગ ખૂબ જ સફળતાપૂર્વક ચાલ્યો હતો.વિદ્યાર્થીઓને સર્જનાત્મક રીતે વિચારતા કરવામાં ઓપન બુક એકઝામનો પ્રયોગ ખૂબ જ અર્થપૂર્ણ નીવડયો હતો.એમણે યુનિવર્સિટીની સિન્ડિકેટમાં ઠરાવ પસાર કરીને એમ.એડ્.નાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યારબાદ તેમના ઉત્તરપત્રો બતાવાનું શરૂ કરાવ્યું હતું.એમના આ પ્રયોગનું સીધું પરિણામ એ આવ્યું હતું કે તેને લીધે એમ.એડ્.માં રીએસેસમેન્ટ માટે વિદ્યાર્થીઓ તરફથી કરવામાં આવતી અરજી શૂન્ય થઈ ગઈ હતી! વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની એમ.એડ્.ની પરીક્ષાના ઉત્તરપત્રો જોવાની તક મળતી હોવાથી એમને જે પરમ સંતોષ મળતો હશે એની કલ્પના આપ કરી શકો છો.આ ઉપક્રમ દાખલ કરવા પાછળની એમની જે ગણતરીઓ હતી અને અપેક્ષાઓ હતી એને ‘શિક્ષણદર્શન’ ના સુજ્ઞ વાચકો સમક્ષ શબ્દોમાં રજૂ કરવાની જરૂર ખરી?

જ્યારે લોકોમાં ટેલીવિઝન જોવા માટેનો ક્રેઝ તેની ચરમસીમાએ હતો ત્યારે શાહસાહેબે શિક્ષણ વિભાગના ઉપક્રમે સમગ્ર સુરત શહેર માટે 'ટેલીવિઝન વિનાનો સપ્તાહ' જેવો અત્યંત વિચારવંત પ્રકલ્પ ઉપાડયો હતો અને લોકોને વિવેકપૂર્વક ટેલીવિઝન જોતાં કરવામાં મહત્વપૂર્ણ પ્રદાન કર્યું હતું. એવી જ રીતે જ્યારે મોબાઈલ ફોનના ઉપયોગનો સમય શરૂ થયો ત્યારે એમણે શિક્ષણ વિભાગ તથા શિક્ષણ વિદ્યાશાખાની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં 'મોબાઈલ ફોન સ્વિચ ઓફ અભિયાન' ચલાવ્યું હતું. મને કહેવા દો કે તેઓ દીર્ઘદ્રષ્ટા હતા અને સમયથી ખૂબ આગળનું જોઈ શકતા હતા. ગુજરાત સરકારે શાળા–કોલેજમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર તો બહુ પછીથી કર્યો હતો. એવી જ રીતે ગુજરાતમાં વાંચે ગુજરાત અભિયાન પણ બહુ પાછળથી આવ્યું. ડૉ. શશિકાંતભાઈ શાહસાહેબે લગભગ ઈ.સ.૨૦૦૦ માં સુરત જિલ્લાની શાળાઓ માટે 'આવો, વાંચીએ અને વિચારીએ' પ્રયોગ હાથ ધર્યો હતો તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓને વિચારતા કરવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. એમણે હાથ ધરેલો બીજો ઉપયોગી અને મહત્વપૂર્ણ પ્રયોગ 'સમયબદ્ધતા માટેની પ્રતિબદ્ધતા' પ્રકલ્પ હતો. શાળા, કોલેજ અને અન્ય શૈક્ષણિક સામાજિક સંસ્થાઓમાં કોઈપણ કાર્યક્રમ સમયસર શરૂ થાય અને સમયસર પૂરો થાય એ માટે લોકોને જાગ્રત કરવાનું અદ્ભુત અને અભૂતપુર્વ કાર્ય એમણે કર્યું હતું. શશિકાંભાઈનો કાર્યક્રમ હોય એટલે કાર્યક્રમ સમયસર શરૂ થશે અને સમયસર પૂરો પણ થશે એની લોકોને પૂર્ણ ખાતરી રહેતી. પોતાની નિયમિતતા અને સમયપાલન માટે તેઓ ખૂબ જાણીતા થયાં હતા. અહીં નોંધ્યા છે એવાં તો અનેક નાનાં–મોટાં ઈનોવેટીવ ઉપક્રમો શાહસાહેબે પોતાના કાર્યકાળ દરમિયાન પ્રયોજ્યા હતા.

ડૉ.શાહસાહેબ કોઈ પણ કાર્ય ગુણવત્તાપૂર્વક થાય તેનાં તીવ્ર આગ્રહી હતા. કોઈ પણ કાર્યમાં ગુણવત્તા સાથે બાંધછોડ ન થાય એ માટેનો એમનો આગ્રહ અત્યંત પ્રામાણિક અને તટસ્થ હતો. વળી, તેઓ દરેક કાર્ય જુદી રીતે કરવામાં માનતા હતા. એમની કાર્યરીતિ ખૂબ જ સર્જનાત્મક હતી. તેઓ બધાથી 'હટ કે' હતા. તેઓ ખૂબ સારા અધ્યાપક અને વક્તા હતા. વર્ગખંડમાં તેઓ અત્યંત ઉત્સાહપૂર્વક અને ચોટદાર રીતે અધ્યાપનકાર્ય કરતાં. એમની પાસે અધ્યયન કરવું એ જીવનનો અદ્ભુત લ્હાવો હતો. એમનો વર્ગ અત્યંત જીવંત રહેતો અને બધા મંત્રમુગ્ધ થઈને એમને સાંભળતા. તેઓ જ્યારે શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરીકે ચૂંટાયા હતા ત્યારે એમણે જાહેર કર્યું હતું કે તેઓ બીજી વખત ડીન તરીકે ઉમેદવારી નહીં નોંધાવે. એટલું જ નહિં એમણે એમના મતદારોને રાઈટ ટુ રીકોલ આપ્યો હતો. એમણે જાહેર કર્યું હતું કે જો ડીન તરીકે એમની કામગીરીથી એક પણ મતદારને અસંતોષ થશે તો પોતે ડીન પદેથી તાત્કાલિક રાજીનામું આપી દેશે. જો કે એવું તો થયું નહોતું. પરંતુ ડિસેમ્બર ૨૦૦૨ માં બીજા સત્રમાં યુનિવર્સિટી ધ્વારા ત્રણ બી.એડ્.

કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવાતા એમણે સ્વયં એ નિર્ણયની વિરુદ્ધમાં ડીન પદેથી પોતાનું રાજીનામું ધરી દીધું હતું.....

એક કુશળ અધ્યાપક અને વક્તા ડૉ.શશિકાંતભાઈ શાહ સાચા અર્થમાં લોકશિક્ષક હતા. ગુજરાતમિત્ર દૈનિકમાં એમણે દર બુધવારે 'માણસ નામે ક્ષિતિજ' તથા દર મંગળવારે 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' નામની બે અત્યંત લોકપ્રિય કૉલમ અનુક્રમે લગભગ અઠ્ઠાવીસ અને સોળ વર્ષો સુધી લખી હતી. પોતાની બંને કોલમ્સના માધ્યમથી લોકોને જાગૃત કરવાનું કાર્ય એમણે નિર્ભિકપણે કર્યું હતું. અનિષ્ટ તત્વોને તેઓ જીવનભર હિમ્મતપૂર્વક પડકારતા રહ્યા હતા. જ્યાં પણ ખોટું થતું દેખાય ત્યાં એમણે નીડરતાપૂર્વક લખ્યું હતું, અને કોઈપણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર લખ્યું હતું. 'શિક્ષણની હાટડીઓ' એ શબ્દ પ્રયોગને પ્રયોજીને તેને પ્રચલિત કરનાર શાહસાહેબ હતા. અનીતિ અને અત્યાચાર વિરુદ્ધ લખવામાં એમણે કોઈની શેહશરમ રાખી નહોતી. પરિણામે તેમના ગુરૂ આદરણીય ડૉ.ગુણવંતભાઈ શાહસાહેબે એમની કૉલમ 'કાર્ડિયોગ્રામ' (ચિત્રલેખા,તારીખ ૨૬ નવેમ્બર,૨૦૧૮) માં લખ્યું છે એમ તેઓ જબરો શત્રુવૈભવ પામ્યા હતા.

પૂર્ણત: નિર્ભય અને કર્મઠ છતાં અત્યંત નમ્ર અને સાદાઈને વરેલા શાહસાહેબના નિધનથી શિક્ષણજગત અને સમાજજીવનને કદી ન પૂરાય એવી ખોટ પડી છે. હું મારા ગુરુજી સ્વ. ડૉ.શશિકાંતભાઈ શાહસાહેબને નતમસ્તક વંદન કરું છું, અને એમની આત્માને શાંતિ મળે એ માટે પ્રભુને પ્રાર્થના કરું છું. શાહસાહેબ વિશેનો પ્રસ્તુત લેખ 'શિક્ષણ દર્શન'માં પ્રસિધ્ધ કરવા બદલ આદરણીય પ્રો. રમેશભાઈ કોઠારી સાહેબ તથા મારા પ્રિય મિત્ર જિગ્નેશભાઈ પટેલનો ઋણ સ્વીકાર કરું છું. અસ્તુ.

## પરીક્ષાઓ શા માટે હોય છે?

એક ગુરુને પોતાના શિષ્યોની પરીક્ષા કરવાનું મન થયું. જેમણે એક પાકી કેરી લઈને પોતાના પગે બાંધી લીધી. જેના ઉપર એક પાટો બાંધો તેથી કેરી દેખાતી બંધ થઇ ગઇ. ગુરુએ શિષ્યોની સભામાં કહ્યું, મારા પગે એક મોટું ગૂંમડું થયું છે, મને બહય જ પીડા થાય છે. શિષ્ય ઊભો થયો અને કહ્યું, ગુરુજી અમને આજ્ઞા કરો તો ઉપાય કરીએ. ગુરુ કહે, એક જ ઉપાય છે. ગૂમડાનું પરુ કોઈ પોતાના મોં વડે ચૂસી લે તો તરત મટી જાય. શિષ્યો એકબીજા સામું જોવા લાગ્યા. ગૂમડાનું પરું એટલે ઝેર. ગંદુ અને ઝેરી પરુ ચૂસવા કોણ તૈયાર થાય? અચાનક એક ઊંચો પાતળો અને તેજસ્વી શિષ્ય ઊભો થયો અને ગુરુજીના પગનું ગૂમડું પોતાના મોંમા લઈને ચૂસવા લાગ્યો. પરુને બદલે મીઠો રસ આવવા લાગ્યો. ગુરુએ એને અટકાવી કહ્યું, જે ઝેર પીવા તૈયાર થાય તેને જ અમૃત મળે છે. આ વિદ્યાર્થી એટલે છત્રપતિ શિવાજી અને ગુરુ એટલે સ્વામી રામદાસ.